ગુજરાતી ધોરણ : 8 પ્રથમ સત્ર

પાઠ – 8 'ઘર' એકમ ટેસ્ટ કુલ ગુણ ૨૫

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. 'ઘર' સંવેદનકથાના લેખક કોણ છે?..........................................................................

૨. ભોળાભાઈ પટેલનો જન્મ ગુજરાતના કયા જિલ્લામાં થયો હતો? ......................................

૩. લેખક અને તેમના ભાઈઓએ ગામડાનું જૂનું ઘર કાઢી નાખવાનો વિચાર શા માટે કર્યો?

..........................................................................................................................

૪. લેખકના બાપાએ ઈંટો તાણી લાવવા માટે શાનો ઉપયોગ કર્યો હતો?.................................

૫. ઘરના આંગણામાં કયા અબોલ સભ્યો બંધાતા હતા? ............................................

**પ્રશ્ન ૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [૫ ગુણ]**

(સંવેદનકથા, જીર્ણ, આકર્ષણ, વ્યથા, ભાવના)

૧. 'ઘર' એક સુંદર ______ છે.

૨. બંધ રહેવાને કારણે જૂનું ઘર વધારે ______ બનતું જતું હતું.

૩. હવે એ ઘર રાખી મૂકવાનું કોઈ ______ રહ્યું નહોતું.

૪. પણ એ જ ક્ષણેથી મનમાં ______ જાગી.

૫. ઘર એ તો ______ છે.

**પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [૫ ગુણ]**

હું વ્યગ્ર બની ગયો. આંગણામાં ખાટલો ઢાળીને બેઠો. હવે ત્યાં ગમાણ ખાલી હતી, ખીલા હતા પણ ઢોરઢાંખર નહોતાં. પરંતુ એ બધાં જ જાણે એ તરફ નજર જતાં એકસાથે ભાંભરી ઊઠ્યાં. હું એકદમ ઊભો થઈ ગયો. શૂન્ય આંખે ભરાયેલું આંગણું જોતો રહ્યો...ઘરનાં આ નેવાં. કેટલાં બધાં ચોમાસાં એનું સંગીત સાંભળ્યું છે ! અહીં તોરણ નીચે મારી બહેનો પરણવા બેઠી હતી અને અહીં દાદી, દાદા અને બાપુની નનામીઓ બંધાઈ હતી. ગળે ડૂમો ભરાવા જેવું થયું.

૧. લેખક વ્યગ્ર બનીને ક્યાં બેઠા?

..........................................................................................................................

૨. ગમાણ અને ખીલા જોઈને લેખકને શું યાદ આવ્યું?

..........................................................................................................................

૩. ઘરના નેવાં સાથે લેખકને કઈ સ્મૃતિ જોડાયેલી હતી?

.............................................................................................................

૪. આંગણામાં કયા પ્રસંગોની યાદ લેખકને આવી?

.............................................................................................................

૫. લેખકના ગળે ડૂમો શા માટે ભરાયો?

.............................................................................................................

**પ્રશ્ન ૪. સૂચના મુજબ કરો. [૫ ગુણ]**

**૧. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપો.**

રોટલો રળવો:- ..............................................................

**૨. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

લાગણીના ઊભરાથી છાતીમાં ભરાતો ડચૂરો:

**૩. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

વ્યગ્ર: ચોકો:

**૪. નીચે આપેલ વાક્યનો પ્રકાર લખો.**

શકરી પટલાણીએ શિખંડની વાત કરી એટલે પટેલ બોલ્યા. - ..................................

**૫. નીચે આપેલા સાદા વાક્યને સંયુક્ત વાક્યમાં ફેરવો.**

ઘર જૂનું થયું હતું. અમે એને વેચવાનો વિચાર કર્યો.-...........................................

**પ્રશ્ન ૫. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. લેખકને શા માટે લાગવા માંડ્યું કે ઘર માત્ર ચાર દીવાલો અને છાપરાનું મકાન નથી?

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

૨. બાએ ઘર ન વેચવાની વિનંતી શા માટે કરી? તેમની લાગણી તમારા શબ્દોમાં વર્ણવો.

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................